# ભાજપમાં પુનઃ બળવાની અટકળ

**કોંગ્રેસના ટેકાથી નીતિનભાઈ પટેલ મુખ્યમંત્રી બનશે એવી વાતો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં રાજ્યના રાજકારણમાં ખળભળાટ : બાપુજૂથ અને બાબુભાઈ બોખીરિયા, પુરુષોત્તમ સોલંકી, નીતિનભાઈ પટેલના સમર્થકો એક બનવાની દિશામાં**

(જી.એન.એસ.)

ગાંધીનગર, તા.૨૫

શું ભાજપમાં ફરીથી કોઈ ખજૂરોહો કાંડ નું પુનરાવર્તન થવા જઈ રહ્યું છે? આ પ્રશ્ન ભાજપ અને કોંગ્રેસ સહિત સમગ્ર રાજકારણમાં ચર્ચા ની ચકડોળે ચગ્યો છે. ખજુરાહો ભાગ ૨માં આ વખતે અસંતુષ્ટ તરીકે પાટીદાર પાવર નીતિન પટેલ મહત્વની ભૂમિકા નિભાવે તેમ છે. જો કે નીતિન પટેલે ટ્વિટ કરીને તેનો ખુલાસો તો કર્યો છે પરંતુ આવા નાજુક સમયે ખુલાસા છતાં જે અટકળો બહાર ડોકિયાં કારી છે તે દર્શાવે છે કે બબ્બે વખત સીએમ પદ નો પ્યાલો છેક હોઠે થી છીનવી લેવાનું અપમાન પાટીદાર નેતા ભૂલ્યા નથી. તેઓ પોતાના ગેમ પ્લાન એ અને બી મુજબ ધાર્યું કરવા માંગતા હોય તેમ જણાય રહ્યું છે. જેમાં પ્લાન એ મુજબ ભાજપમાંથી અંદાજે ૩૩ ધારાસભ્યો સાગમટે રાજીનામાં આપીને અલગ જુથ રચે અને નીતિન પટેલ કોંગ્રેસના ટેકાથી સીએમ બને. પ્લાન બી એવો છે કે અન્ય અસંતુષ્ટ પુરુષોત્તમ સોલંકી, બાબુભાઈ બોખીરિયા, સીકે રાઉલજી અને ખુદ નિતીનના ૨૦થી ૨૫ ધારાસભ્યો રાજીનામાં આપીને કોંગ્રેસ માં જોડાઈ જાય. કોંગ્રેસમાં ભળીને નીતિન પટેલ સીએમ બને અને જે બેઠકો રાજીનામાંથી ખાલી પડી તેની પેટા ચૂંટણી માં ૧૧ કરતા વધુ જીતાડી આપે તો સરકાર તાકી શકે અસંતુષ્ટ નેતાઓ એમ માનીને ચાલી રહ્યા છે કે હું નહીં તો તું પણ નહીં. અંદરખાને નંબર ગેમ પણ ચાલી રહી છે.

ગાંધીનગર અને પાટીદારના ગઢ સમાન મહેસાણામાં જે અટકળો ખળ ખળ વહી રહી છે તે મુજબ નીતિન પટેલ ૨૦૧૪માં સીએમ માટે તેમના નામ પર મહોર મારવા છતાં આનંદીબેન પટેલ ને બેસાડયા અને બીજીવાર રૂપાણી ની તાજપોષી પહેલા પણ તેમને એક બાજુએ બેસાડી ને ત્યારબાદ નંબર ટુ છતાં નાણા ખાતાથી વંચિત રખાયા અને તેમને ત્રીજી આંખ ખોલી ત્યારે જ એ ખાતું અપાયું તેને ભૂલ્યા નથી. હાલમાં તેમની હાલત શંકરસિંહ વાઘેલા જેવી કરી નાંખવામાં આવી હોય તેમ કહેવાય છે કે તેમને પડતા મૂકી લોકસભાની ચૂંટણીમાં દિલ્હી ભેગા કરવાની વેતરણ ચાલી રહી છે. જેનો ખ્યાલ



નીતિન પટેલ ને આવી જ ગયો છે અને તેઓ પાટીદાર પાવર બતાવવા આગળ વધી રહ્યા હોય તેમ અસંતુષ્ટ ૩ નેતાઓના સથવારે ૩૩ ધારાસભ્યો સાથે અલગ થાય તો બીજેપી ની સરકાર ૯૯ માંથી લઘુમતીમાં સરકી પડે. આમ પણ ૯૯ એ લટકતી તલવાર તો છે જ. ૩૩ અલગ પડી ને પોતાનું અલગ જૂથ રચે તો એન્ટી ડિફેકસન કાયદો લાગુ ના પડે. કોંગ્રેસ કર્ણાટક ફોર્મ્યુલા પ્રમાણે બહારથી ટેકો આપે અને નીતિન સીએમ બને. પ્લાન બી એવો છે કે સોલંકી, બોખીરિયા અને સી કે પોતાના સમદુખિયા સભ્યોને લઈને રાજીનામાં આપે તો ૨૦થી ૨૨ સભ્યો તૂટે તો રૂપાણી સરકાર લઘુમતીમાં આવી જાય અને નીતિન કોંગ્રેસમાં ભળીને કોંગ્રેસના સીએમ બને. જે બેઠકો ખાલી પડે તેની પેટા ચૂંટણીમાં ૧૧ કરતા વધુ સભ્યોને કોઈપણ ભોગે જીતાડી ને સરકાર ટકાવવી પડે. રાજકીય સૂત્રો માને છે કે ખુદ નીતિન પટેલ જાણે છે કે ઉપર મોદી છે, રાજભવન માં ભાજપનો જ માણસ છે. તેથી રાહ મુશ્કેલ પણ અશકય નથી. એકવાર સીએમ બનીને તેઓ ભાજપ હાઈકમાન્ડ ને પાટીદાર પાવર બતાવવા માંગે છે કે એક પાટીદાર નું અપમાન થાય તો તેઓ કઈ હદ સુધી જય શકે છે. રાજકીય સૂત્રો અને અટકળો નિર્દેશ કરે છે કે માલવણ માં મળનારી પાટીદાર મહાપંચાયતમાં નીતિન હાજરી આપે અને રાજીનામનો ધડાકો કરી શકે. ગુજરાત રાજકારણમાં વાઘેલા અને ખજુરાહો ની પાછળ એ જ કથા હતી કે એક વ્યક્તિનું અપમાન. નીતિન પટેલે ૨૦૧૪માં નામ નક્કી તથા સવારે સીએમ તરીકે ટીવી મુલાકાતો આપી હતી. ગુજરાત માટેની પોતાની અગ્રતા વર્ણવી હતી અને સાંજે કમલમમાં આનંદીબેન ને સીએમ ઘોષિત કરી તેમના હોઠે આવેલો સીએમ પદ નો પ્યાલો કોને લાઇ લીધો તેને ભૂલ્યા નથી. આનંદીબેન પટેલ ના ઓગસ્ટ ૨૦૧૬ના રાજીનામાં વખતે પણ તેમની અવગણના કરાઈ અને ફરીથી ડેપ્યુટી સીએમ બનાવ્યા પણ નંબર ૨ હોવા છતાં નાણાખાતું ના અપાયું અને જ્યારે ત્રીજી આંખ ખોલી ત્યારે જ એ ખાતું અપાયું હતું. અત્યારે પણ તેઓ ત્રીજી આંખ ખોલીને બતાવવા માંગે છે કે પાટીદાર પાવર શુ હોય છે. અટકળો એવી છે કે બેચાર દિવસમાં ખેલ પડી જાય અને ગુજરાતના રાજકાસરણમાં ફરીથી વાઘેલા પ્રકરણ દોહરાવવામાં આવે તેમ જણાઈ રહ્યું છે.

# પ્રસિદ્ધ ભજનીક હેમંત ચૌહાણને વર્લ્ડ બૂક ઓફ રેકોર્ડ લંડનમાં સ્થાન



પ્રસિદ્ધ ભજનીક હેમંત ચૌહાણને ૮૦૦૦થી વધારે ભજનો રેકર્ડ કરાવવા બદલ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડન તથા અમેરિકામાં સ્થાન આપી સર્ટીફિકેટ વર્લ્ડબુક ઓફ રેકર્ડની ટીમ સર્વ સંતોષ શુકલા, ભરત શર્મા, અશ્વિન ત્રિવેદી, દિવ્ય ત્રિવેદીએ આપી સન્માન કરેલ. આ પ્રસંગે મહામંડળેશ્વર ભારતીબાપુ, સંતો, મહંતો તથા રાજકોટ આઈજી ગેહલોત તથા ડીએસપી કરણરાજ વાઘેલા ઉપસ્થિત રહી મોટી સંખ્યામાં જનમેદનીએ હેમંત ચૌહાણને શુભેચ્છા પાઠવેલ.

# ડીસાના ધારાસભ્યના ભાઈની કારને થરાદ નજીક અકસ્માત : એકનું મોત



ડીસા, તા. ૨૫

બનાસકાંઠા જીલ્લામાં વધતી જતી અકસ્માતોની ઘટના વચ્ચે ગતરોજ થરાદ નજીક ડીસાના ધારાસભ્યનું બોર્ડ ધરાવતી ગાડીને થરાદ-સાંચોર રોડ પર નડેલા અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે જયારે અન્ય ત્રણ જણાને ગંભીર ઈજાઓ થતા તેમને સારવાર માટે ખસેડવાની ફરજ પડી છે.

બનાસકાંઠા જીલ્લાના થરાદ-સાંચોર રોડ પર ગતરોજ સ્કોર્પિયો અને મીની ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક જણનું મોત નીપજ્યું હતું જયારે ત્રણ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતગ્રસ્ત સ્કોર્પીઓ કાર ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાના નાના ભાઈ અને બનાસકાંઠા જીલ્લા હોમગાર્ડ કમાન્ડર રમેશભાઈ પંડ્યાની હોવાનું સામે આવ્યું છે. આ ઘટનામાં રમેશભાઈ પંડ્યા સહીત બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી છે જયારે થરાદના એક યુવકનું મોત નીપજ્યું છે.. આ ઘટના બનતા થરાદ-સાંચોર રોડ પર ભારે ચક્કાજામ થઇ ગયો હતો.. આ ઘટના બાદ મૃતકની લાશને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડાયા હતા. ઈજાગ્રસ્તો પૈકી રમેશભાઈ પંડ્યાની હાલત ગંભીર જણાતાં તેમને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડાયા હોવાનું જાણવા મળ્યું છે.

# તલોદ નગર પાલિકાના પ્રમુખ નરેન્દ્રસિંહના માતુશ્રીનું અવસાન



તલોદ, તા. ૨૫

તલોદનગર પાલિકાના પ્રમુખ નરેન્દ્રસિંહ ગાભુસિંહ સોલંકીના માતૃશ્રી સ્વ. કોકીલાબેન ગાભુસિંગ સોલંકીનું ૭૨ વર્ષની વયે તા. ૨૫-૫-૧૮ને શુક્રવારે દુઃખદ અવસાન થયેલ છે. જેમની નિકળેલી અંતિમ યાત્રામાં પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પૂર્વ પાલિકા પ્રમુખ રંગુસિંહ સોલંકી, ધનેશભાઈ પટેલ, અશોકભાઈ શાહ તેમજ સહકારી અને રાજકિય ક્ષેત્રના અગ્રણી આગેવાનો તેમજ નગરજનો મોટી સંખ્યામાં જોડાઈ મૃતક કોકીલાબેન સોલંકીને પુષ્પાંજલિ અર્પી હતી.

# ગંદકી ફેલાવનારાને પકડવા ખારીકટ ઉપર કેમેરા લાગશે

અમદાવાદ,તા. ૨૫

એશિયાની સૌથી મોટી ગણાતી ડસ્ટબીન મનાતી ખારીકટ કેનાલની સફાઈ માટે રાજય સરકારના જળ અભિયાન હેઠળ તંત્ર દ્વારા ખાસ ઝુંબેશ ચલાવાઇ રહી છે, જે અંતર્ગત તા.૧ મેથી આજદિન સુધીમાં ૨૯,૬૪૭ મેટ્રિક ટન કચરો બહાર કઢાયો છે, જોકે કેનાલમાં કચરો ફેંકવાની પ્રવૃત્તિ આજે પણ બેફામ રીતે ચાલતી હોઈ અમયુકો તંત્ર દ્વારા ખારીકટ કેનાલના સમગ્ર રૂટમાં ચોક્કસ સ્થાનો પર ચાંપતી નજર રાખવા અને આવા ગંદકી અને કચરો ફેલાવતા તત્વોને ઝબ્બે કરવા કુલ ૧૧૮ સીસીટીવી કેમેરા લગાવવાની કામગીરી ચાલી રહી છે. જે આગામી તા.૧૫મી જૂન સુધીમાં પૂર્ણ થઈ જવાની શકયતા છે. હાઈફ્રિકવન્સી ધરાવતા અને ખાસ પ્રકારના નાઈટ વિઝનને કવર કરતાં આ કેમેરા રાત દિવસ આવા તત્વો પર બાજ નજર રાખી શકશે અને રાતે-મધરાતે કેનાલમાં કચરો કે કેમિકલ ઠાલવતાં વાહનોને તેની નંબર પ્લેટ સાથે ઝડપી પાડશે. પાલડી ખાતેના નવા કંટ્રોલરૂમમાં આ તમામ સીસીટીવી કેમેરાનું મોનીટરીંગ કરાશે.

# મોડાસા તાલુકામાં ટીટોઈ નજીક ગણેશપુરા કંપા ગામે ભરબપોરે આગ ભભૂકી ઉઠી



## મોડાસાથી ફાયર ફાઈટર બોલાવી કલાકોની જહેમત બાદ આગ કાબુમાં આવતા નજીકના ઘરો સલામત

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં ભર બપોરે મોડાસા તાલુકાના ટીટોઈ નજીક ગણેશપુરા કંપા ગામે ઘર નજીક ઘાસમાં એકાએક આગ લાગી હતી. ગ્રામજનોએ પાણીનો મારો ચલાવ્યો હતો પણ મકાઈ અને જુવાળના સુક્કા ઘાસના ઢગલામાં આગે વિકરાળ સ્વરુપ ધારણ કરી લેતા આજુબાજુના ઘરોમાં આગ પ્રસરવાની ભીતિને લઈ મોડાસાથી ફાઈટર બોલાવીને કલાકોની જહેમત બાદ આગ કાબુમાં આવતા ગ્રામજનોએ રાહતના શ્વાસ લીધા હતા. કંપાના ખેડૂત વાડીભાઈ ધનજીભાઈ પટેલના વાડામાં આગ લાગી હતી. સમગ્ર ઘાસ બળીને ખાખ થઈ ગયું હતું પણ મકાનોમાં આગ આગળ વધતી અટકી જતા કંપાવાસીઓએ રાહત અનુભવી હતી.

# બનાસકાંઠાની ડેરીના ૧૮ લાખની લૂંટના કેસમાં એકની ધરપકડ

અમદાવાદ,તા.૨૫

બનાસકાંઠા જિલ્લા વડગામ તાલુકાના ભાખરી ગામના પાટિયા પાસે દૂધની ડેરીના પગારના નાણાં લઈ જતાં કર્મચારીને હથિયાર બતાવીને ભયભીત કરવામાં આવ્યા બાદ ૧૮ લાખની લૂંટ કરી ટોળકી હાલમાં જ ફરાર થઇ ગઇ હતી. આ સંદર્ભમાં ફરિયાદ નોંધાવવામાં આવ્યા બાદ ક્રાઈમ બ્રાંચે તપાસ હાથ ધરતા આજે એક આરોપીને પકડી પાડવામાં સફળતા મેળવી હતી. તેની પાસેથી મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો છે જેમાં જુદા જુદા દરની ૭૨૫૬૦૦ રૂપિયાની રોકડ રકમ, લૂંટની રકમમાંથી ખરીદવામાં આવેલો મોબાઈલ ફોન, મોટરસાયકલ મળીને કુલ ૭૭૫૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ઝડપાયેલા શખ્સની પુછપરછ કરવામાં આવતા આ શખ્સે કહ્યું હતું કે, હથિયાર બતાવીને લૂંટ કરવાના મામલામાં તેની સાથે અન્ય શખ્સો પણ છે જેમાં દિનેશગીરી પોપટગીરી ગોસ્વામી, અરવિંદસિંહ શેતાનસિંહ અને અન્ય બેનો સમાવેશ થાય છે જે અંગે હજુ માહિતી મળી નથી. પાંચથી વધુ લોકોની ટોળકીએ આ ગુનાને અંજામ આપ્યો હોવાની માહિતી મળી છે. મળતી માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમીના આધારે બનાસકાંઠા જીલ્લાના વડગામ તાલુકાના ધનાલી ગામના જગદીશભાઈ હેમરાજભાઈ મોરીયાગામની દુધ ડેરીના કર્મચારીઓનો પગાર કરવા ધનાલી ગામની મધ્યસ્થ બેંકમાં પૈસા લેવા ગયા હતા અને બેંકમાંથી ૧૮ લાખ રૂપિયા લઈ પરત આવી રહ્યા હતા. રસ્તામાં ભાખરી ગામ પાટીયા નજીક કારમાં આવેલ ચાર શખ્સોએ જગદીશભાઈને રોકી આરોપીઓએ તેમની પાસે રહેલી હથિયારથી બે રાઉન્ડ ગોળીબાર કર્યો હતો. ગોળીબાર કરીને જગદીશભાઈને ભયભીત કરી દીધા હતા. જગદીશભાઈ હુમલો કરીને ૧૮ લાખ રૂપિયાની લૂંટ કરીને આ ટોળકી ફરાર થઇ ગઈ હતી. લૂંટની ઘટના બન્યા બાદ આ સંદર્ભમાં ફરિયાદ વડગામ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી હતી. ફરિયાદ બાદ ક્રાઈમ બ્રાંચે આ મામલામાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બાતમી મળ્યા પછી જાળ બિછાવવામાં આવી હતી. જેના ભાગરુપે ૧૮ લાખની લૂંટ કરવાના ગુન્હામાં સંડોવાયેલા ઈસમો અમદાવાદ પહોંચ્યા હતા. ક્રાઈમ બ્રાંચની ટીમે એક આરોપીને પકડી પાડ્યો હતો. આરોપી નરેશભારથી ગણપતભારથી ગોસ્વામી પાસેથી જુદા જુદા દરની રોકડ રકમ ૭,૨૫,૬૦૦ તથા લૂંટની રકમમાંથી ખરીદેલો મોબાઈલ ફોન અને મોટર સાયકલ પણ આરોપી પાસેથી જપ્ત કરી લેવામાં આવી છે.

## ગાંધી ૧૦૦ ● ચોથા પાનાનું ચાલું

ત્યાં એણે અગાઉથી જ ખેડૂતોને ભેગા કરી રાખ્યા હતા એક પાળેલા વૃદ્ધ ખેડૂતો તો પઢાવેલા પોપટની જેમ કહ્યું પણ ખરું કે, 'સરકાર અમને સાહેબલોકનો પૂરો સંતોષ છે.' બીજા થોડા માણસોએ પણ નીલવર હોસ્ટમની તરફેણ કરી પરંતુ બાકીના તમામ છડેચોક પોતાની ફરિયાદ રજૂ કરી. આજ સુધી કોઠીવાળા સાહેબ હોસ્ટમના નામથી ધ્રૂજતા ખેડૂતોએ તેની હાજરીમાં જ તેની ફરિયાદ કરી. ચંપારણ બિહારની અશિક્ષિત પ્રજાને ગાંધીએ આ રીતે પોતાના ન્યાય માટે બોલતા કરવાના દિક્ષાર્થી બન્યા. મહાત્માના પગલાં થતાં જ ચંપારણના ખેડૂતોનો ભય મોં સંતાડીને નાસી ગયો. ગાંધીએ કક્કો - બારાખડી કે આંક ચલાખા નહીં શીખવતા આ ગ્રામીણ શોષિત પ્રજાને કોઈ પણ ભય વગર અન્યાયની રજૂઆત બેધડક કરવાનું શિક્ષણ અનાયાસ વિના પ્રયાસ આપીને સાચા અર્થમાં શિક્ષિત કરી દીધા. તો સાથોસાથ ગાંધીને જાતતપાસ દરમિયાન એ પણ જાણમાં આવવ્યું કે અભણ સ્થિતિ પણ ચંપારણના ખેડૂતો માટે અન્યાયી છે. આથી તેમણે એ વિસ્તારમાં શાળાઓ શરૂ કરીને ગ્રામીણ પ્રજાને શિક્ષિત કરવાના વિચારને પણ અમલમાં મૂકવાનું નક્કી કર્યું.

આજનો દિવસ એટલે ૨૫મી મે એ ૧૯૧૫માં અમદાવાદમાં સત્યાગ્રહ આશ્રમની સ્થાપનાનો દિવસ છે. ત્યારે ચંપારણમાં ગાંધીએ શરૂ કરેલી 'ધૂડી નિશાળ' થોડા વર્ષોમાં શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણની કેળવણીનું વૈશ્વિક શિક્ષણ સ્થાન - 'ગુજરાત વિદ્યાપીઠ'ના ઉદ્ભવ અને વિકાસ માટે પથદર્શક બને છે એ આગામી લેખમાં જોઈશું.

(લેખક સમાજશાસ્ત્રના સહપ્રાધ્યાપક છે.)

## વિશ્વાસનો મત

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોંગ્રેસના રાજ્યપ્રમુખ જી પરમેશ્વરે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. રાજ્યપાલ વજુભાઈ વાળાએ બેંગ્લોરમાં આયોજિત શપથગ્રહણ કાર્યક્રમમાં બંનેને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. શપથગ્રહણને હાઈપ્રોફાઈલ બનાવવા માટે તમામ પ્રયાસ થયા હતા. ૨૦૦૭ બાદથી કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે કુમારસ્વામીની આ બીજી અવધિ છે. તે વખતે તેઓ ૨૦ મહિના સુધી આ હોદ્દો જાળવ્યો હતો. કર્ણાટકના મુખ્યમંત્રી પદની શપથ લેતા પહેલા જેડીએસ નેતા એચડી કુમારસ્વામીએ ગયા સોમવારે દિલ્હીમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને મળીને તેમની સાથે વાત કરી હતી. કર્ણાટકમાં હાઈડ્રામાની સ્થિતિ વચ્ચે વિધાનસભાની ચૂંટણીનું પરિણામ આવ્યા બાદ કોઈ પાર્ટીને બહુમતિ મળી ન હતી. ભારતીય જનતા પાર્ટીને સૌથી વધારે ૧૦૪ સીટો મળી હતી. જ્યારે કોંગ્રેસ અને જેડીએસને ક્રમશઃ ૭૮ અને ૩૭ સીટો મળી હતી. યેદીયુરપ્પાએ સૌથી પહેલા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા પરંતુ તેમની શપથવિધિને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવી હતી.

## નર્સનો બહિષ્કાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક નર્સ જ્યારે એક યાત્રી બસમાં બેસી ત્યારે બસમાં રહેલા અન્ય લોકોએ તેનો જોરદાર બહિષ્કાર કર્યો હતો. તમામ લોકો બસમાંથી ઉતરવા લાગી ગયા હતા. રિક્ષા ચાલકો પણ નર્સને બેસાડવા સામે આનાકાની કરી રહ્યા છે. કબ્રસ્તાનમાં દફનવિધીને લઈને પણ વાંધો ઉઠાવવામાં આવી રહ્યો છે. વાયરસના ઈન્ફેક્શન કોઝીકોડ અને મલપ્પુરમ જિલ્લાની બહાર થયા નથી પરંતુ મંત્રીનું કહેવું છે કે, કોઝીકોડમાં નવા મામલામાં બે લોકોને તાવની અસર થયા બાદ નિપાહના શંકાસ્પદ ઈન્ફેક્શન મામલામાં તપાસ કરવામાં આવી રહી છે. મંત્રીમંડળની બેઠક બાદ મુખ્યમંત્રી પી વિજયને કહ્યું છે કે, બિમારીથી મરનાર દરેક વ્યક્તિના પરિવારને પાંચ-પાંચ લાખ રૂપિયા આપવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રીની ઓફિસથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, મૃત નર્સના પતિને સરકારી નોકરી આપવામાં આવશે. યુએઇના બે કારોબારીઓ એ કેરળની નર્સ લીનીના બાળકોને મદદ કરવાની ઓફર કરી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આ વેપારીએ લીનીની બાળકોના શિક્ષણ ખર્ચને ઉપાડવાનો નિર્ણય કર્યો છે. ગુજરાત સહિત જુદા જુદા રાજ્યો દ્વારા પણ નિપાહ વાયરસને લઈને સાવચેતીના તમામ પગલા લીધા છે. જો કે, આ જીવલેણ નિપાહ વાયરસની એન્ટ્રીથી દેશના અનેક ભાગોમાં ભારે ફફડાટની સ્થિતિ જોવા મળી રહી છે. ગોવા સરકારે લોકોને ચેતવણી આપી છે. કેરળ સરકારે લોકોથી કોઝીકોડ, કુન્નુર જિલ્લાની યાત્રા ન કરવા માટે કહ્યું છે. કેરળના આરોગ્યમંત્રી કેકે સેલજાનું કહેવું છે કે, રાજ્યના નિપાહ વાયરસના પ્રકોપને કાબૂમાં લેવામાં સફળતા મળી છે. લોકોને દહેશતમાં રહેવાની જરૂર નથી. કોઝીકોડ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ૧૭ લોકોને સારવાર આપવામાં આવી રહી છે. નિપાહ વાયરસની અસર જોરદાર રીતે અનુભવાઈ રહી છે. નિપાહ વાયરસની અસર મર્યાદિત રહી હોવા છતાં દહેશત છે.

## વાવાઝોડુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહારાષ્ટ્રમાં ભારે વરસાદ થવાની શક્યતા દેખાઈ રહી છે. યમનમાં ભારે નુકસાન પહોંચાડી દીધા બાદ મેક્કુનુ વાવાઝોડુ આવતીકાલે શનિવારના દિવસે ઓમાનમાં ત્રાટકશે. આઈએમડીનું કહેવું છે કે, યમનમાં વાવાઝોડાના પરિણામ સ્વરુપે ારે નુકસાન થઈ ચુક્યું છે. હવામાનની આગાહીને લઈને ગંભીર નોંધ લેવામાં આવી ચુકી છે. ગોવામાં પણ એડવાઈઝરી જારી કરવામાં આવી છે. જેના પરિણામ સ્વરુપે આગામી ૭૨ કલાક સુધી દરિયામાં પ્રવેશ ન કરવા સ્થાનિક લોકો અને પ્રવાસીઓને કહેવામાં આવ્યું છે. માછીમારોને પણ સૂચના આપવામાં આવી છે. અરેબિયન દરિયામાં ચોક્કસ તારીખ સુધી ન જવા માટે માછીમારોને સૂચના આપવામાં આવી છે. વાવાઝોડાના લીધે આગામી થોડાક દિવસ દરમિયાન મહારાષ્ટ્રના પશ્ચિમી કાંઠા ઉપર ભારે વરસાદ થઈ શકે છે. મેક્કુનુ વાવાઝોડાની અસર ભારતીય દરિયાકાંઠા પર જોવા મળી શકે છે પરંતુ પશ્ચિમી દરિયાકાંઠા ઉપર તેની અસર વધારે જોવા મળશે જ્યાં ભારે વરસાદી ઝાપટા પડી શકે છે. ઓમાનમાં આવતીકાલે આ વાવાઝોડુ ત્રાટકનાર છે જેથી અહીં તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. યમનમાં હાલમાં જ વાવાઝોડા સાથે ભારે વરસાદના કારણે પુરની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. ભારે નુકસાન થયું હતું. ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા. ૧૦થી વધુ ગામોમાં માઠી અસર થઈ હતી.

## પરિણામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી છે. જયારે આજે ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહના પરિણામ અંગે પણ બોર્ડ દ્વારા સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. આગામી તા ૩૧ મેંના રોજ સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર કરવામાં આવશે. જેના લીધે સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની ઈન્તેજારીનો પણ અંત આવી ગયો છે. બોર્ડના પરીક્ષા સચિવે આ અંગે જણાંવ્યા મુજબ સામાન્ય પ્રવાહ વ્યવસાયલક્ષી પ્રવાહ તેમજ સંસ્કૃત મધ્યમા સહીતની કસોટીનુ પરિણામ આગામી તા ૩૧ મેં ના રોજ સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવશે. જયારે સવારે ૧૧ થી ૪ કલાક દરમિયાન જિલ્લા વિતરણ સ્થળો પર માર્કશીટ તેમજ પ્રમાણપત્રનુ વિતરણ કરવામાં આવશે. આગામી તા ૨૮ મેં ના રોજ ધોરણ -૧૦ નુ પણ પરિણામ જાહેર કરવામાં આવનાર છે. જયારે મેં મહીનાના અંત સુધીમાં જ બોર્ડ દ્વારા તમામ પ્રવાહના પરિણામો જાહેર કરી દેવાનુ આયોજન કરવામાં આવતા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓની પરિણામલક્ષી ઈન્તેજારીનો અંત આવ્યો છે. સામાન્ય પ્રવાહમાં પણ જિલ્લામાંથી ૧૩ હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

## સમયસર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાક વચ્ચે કોઈ ચર્ચા થઈ નથી. આગામી થોડાક સમયમાં પાકિસ્તાનમાં અને તે પછી આવતા વર્ષે આપણે ત્યાં લોકસભાની ચૂંટણીઓ યોજાશે. એટલે આવતા કેટલાક સમય સુધી બન્ને દેશો વચ્ચે રાજકીય સ્તરે મંત્રણાને અવકાશ નથી. આવી સ્થિતિમાં સરહદ પારથી ગોળીબારી થવાના બનાવો બનશે જ. સરહદ પર આ સ્થિતિ સતત રહેતા અહીં સરકાર દ્વારા બંકર હોમ બનાવી રહી છે. એ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર મળીને ૪૧૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરી રહી છે. જોકે આ સ્થિતિનો જલ્દી નિવેડો આવે અને સ્થાનિકોને રોજેરોજની યુદ્ધની પરિસ્થિતિમાંથી મુક્તિ મળે તેવી પ્રાર્થના.